# દુકાનો ખોલવા અંગે ઓડ ઇવન પદ્ધતિથી મુંજવણ અનુભવતા વેપારીઓ નો રાજકોટ ચેમ્બર એ મ્યુનિસિપલ કમિશનરશ્રી સાથે મળી ને કરાયેલ સરળ માર્ગ....

લોકડાઉન-૪ માં કન્ટેન્ટમેન્ટ ઝોન વિસ્તારને બાદ કરી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની માંગણી ગુજરાત સરકારે સ્વીકારી તમામ વેપાર-ધંધાને ખોલવાની છુટ આપવામા આવેલ છે. જે બદલ વેપારી આલમમાં હર્સનું મોજુ ફરી વળેલ છે. ગુજરાત સરકારના નોટીફીકેશન મુજબ ઓડ-ઈવન પધ્ધતી દ્વારા દુકાનો ખોલવાની છુટ  મળેલ છે. પણ આ પધ્ધતી ગુંચવણ ભરેલ હોય તે સરળ બનાવવા માટે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ રાજકોટ મ્યુનિસીપલ કમિશ્નરશ્રી ઉદિત અગ્રલાવ સાહેબ સાથે રૂબરૂ ચર્ચા વિચારણા કરી તેમજ રાજકોટ શહેર પોલીસના સહયોગથી સરળ રસ્તો બતાવેલ છે. જે મુજબ એકી તથા બેકી તારીખના સ્ટીકરો દરેક દુકાનદારે પોતાના મુખ્ય સાઈન બોર્ડ પર લગાડવા જરૂરી છે. જેથી એકી તારીખ અને બેકી તારીખનો સરળતાથી ઉપયોગ કરીને સોસીયલ ડીસ્ટન્સ જાળવી શકાશે. આમ બજારોમાં એક દિવસ એકી તારીખની દુકાનો ખુલસે અને બેકી તારીખ બંધ રહેશે. જયારે બીજા દિવસે બેકી તારીખની દુકાનો ખુલશે અને એકી તારીખ બંધ રહેશે. વેપારીઓને મુશ્કેલી અને કનડકડ ન થાય તેવા શુભ આશયથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન અને રાજકોટ શહેર પોલીસ ત્રણેયના સાથ સહકારથી આ દુકાનો ખોલવાની પ્રક્રીયાને ખુબ સરળ બનાવેલ છે. આનો સંપૂર્ણ ખર્ચ વેપારીઓના હિત માટે રાજકોટ ચેમ્બરે ભોગવેલ છે. તેમજ તમામ દુકાનદારોને આ સ્ટીકર વીના મુલ્યે  ફાળવવામાં આવશે. તો આ સગવડતામાં  સૌ વેપારી મિત્રો સાથ સહકાર આપી કાયદાનું ચુસ્તપણે પાલન કરે તેવી રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી.વૈષ્ણવની નમ્ર આપીલ. કાયદાનો ભંગ કરનારની સામે રાજકોટ શહેર પોલીસ યોગ્ય પગલા ભરશે જ જેથી તમામ વેપારીઓએ તકેદારી જાળવવા વિનંતી.